**ફોજદારી કેસ નંબર : ૧૨/૨૦૨૬**

**<u>–:: આંક–૧ લગત હુકમ ::–</u>**

ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીનાં પત્ર ક્રમાંક : L/34/2018/NALSA, Dt. 04/12/2025 અન્વયે આજરોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે.

હાલનો કેસ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ–૧૮૮૧ની કલમ–૧૩૮ નાં ગુનાનો ફરીયાદી દવારા આરોપી વિરૂધ્ધ દાખલ થયેલ છે. સદર ગુનો ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૪૭ મુજબ સમાધાન લાયક છે, જેથી સદર કામે બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોવાથી ફરીયાદી સદર કેસ આગળ ચલાવવા માંગતા ન હોવાનું જણાવી તે મતલબની **<u>વિડ્રો પુરસીસ આંક–૦૯</u>** થી સ્વૈચ્છાએ રજુ કરેલ છે. સદર વિડ્રો પુરસીસને વંચાણે લીધેલ છે.

ફરીયાદીની સદર વિડ્રો પુરસીસનાં આધારે આરોપી વિરૂધ્ધ ફરીયાદીની ફરીયાદ વિડ્રો થી આજરોજ નેશનલ લોક અદાલતમાં ફેંસલ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તા. ૧૪ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા. ૧૪/૦૩/૨૦૨૬ | **( એ. ડી. રાવ)** |
| સ્થળ : જંબુસર | એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, જંબુસર. |
| | **કોડ નં. જી.જે. ૦૧૪૮૦** |